૧૫૧૧

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારત સરકાર દ્વારા આગામી ૨જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં તથા વિવિધ કચેરીઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

માહે ડીસેમ્બર ૨૦૧૬ની તા.૦૧/૧૨/૧૬ થી તા.૧૫/૧૨/૧૬ની થીમેટીક ડ્રાઈવ મુજબ તા.૦૪/૧૨/૧૬નાં રોજ **"નેવી ડે"** તેમજ તા.૦૭/૧૨/૧૬નાં રોજ **"ફ્લેગ ડે"** નિમીતે સરકારશ્રી દ્વારા તા.૧૨/૧૨/૧૬ સુરત શહેરના પોલીસ કર્મચારીઓ ધ્વારા પ્લે ગ્રાઉન્ડની સાફ–સફાઈ અભિયાન કરવા માટે જણાવવામાં આવેલ છે.

જે અંતર્ગત તા.૧૨/૧૨/૧૬ના રોજ સુરત મહાનગરપાલિકાના ઝોન વિસ્તારમા સ્વચ્છતા બાબતે જનજાગૃતિ લાવવા માટે પોલીસ કર્મચારીઓ અને નગરજનોની સંયુકત ટીમો દ્વારા ઝોન વિસ્તારમાં આવેલ પ્લે ગ્રાઉન્ડની સફાઈ અંગેનું સફાઈ અભિયાનનું આયોજન કરી પ્લે ગ્રાઉન્ડની ધનીષ્ઠ સફાઈ કામગીરી કરાવ્યા બાદ કચરા મિશ્રીત માટીનાં ઢગલાઓ નિકાલ કરાવી ઝુંબેશમાં ભાગ લીધેલ તમામ કર્મચારીઓને સ્વચ્છતા અને આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ છે..

| પોલીસ કર્મચારીની સંખ્યા | નાગરીકોની સંખ્યા | સુપરવાઈઝર | કામદાર | નિકાલ કરેલ કચરો(મે.ટન) | જંતુનાશક પાવડર(કિગ્રા.) |
|---|---|---|---|---|---|
| 38 | 47 | 33 | 67 | 1.957 | 524 |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૧૫૧૨

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૧૩.૧૨.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૦ ફાઈલના **રૂા.૦ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ–૦૯ **લોકેશન (ખાડા) ૮૫૬.૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૬૧.૫૬** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ–૦૬** લોકેશન (ખાડા) **૮૦.૦૦ ચો.મી.** મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ**–૦૯ લોકેશન, **૧૬૭૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે**,** તથા સાઉથ ઝોન(ઉધના) માં ઉધના રોડ નં.–૯ પાસેથી ૦૯(નવ) લારીઓનું દબાણ દુર કરવામાં આવેલ તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલઃ **૦૩,** પાણીના નવા કનેકશન કુલ : **૦૪** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.**૦/– વસુલ લેવામાં આવેલ, તથા **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૩૫** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ **૧૦૮** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૪૪.૪૭** લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૮.૨૭** લાખ થયેલ છે., **૨૮** EC તથા **૧૭** RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી, ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૧૧,૯૪૭**/– વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૩,૧૦૦**/– વસુલ લેવામાં આવેલ છે**., ૩૭૦** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧૮** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે., તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૮** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટઃ **૨૧૪.૯૮૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૩૯** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૧,૫૦૦**/– છે., તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૮૨૬૭** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૧૮૯૦૮** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૪૨** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૬૩૫** કરવામાં આવેલ છે. જયારે **૨૩** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૦**/– વસુલ લેવામાં આવેલ છે.

૧૫૧૩

# સુરત મહાનગરપાલિકા

## ગાર્ડન પ્રોજેકટ સેલ

## પ્રેસ નોટ

સુરત સીટી બ્યુટીફીકેશનના કામે જાહેર જનતા / વિદ્યાર્થી / પ્રોફેશનલ વ્યકિતઓ પાસેથી ટ્રાફીક આઈલેન્ડની ડીઝાઈન કરાવવા સુરત મહાનગરપાલિકા ધ્વારા આયોજન હાથ ધરવામાં આવેલ છે. ટ્રાફીક આઈલેન્ડને રોડની પહોળાઈ મુજબ ૩ (ત્રણ) કેટેગરીમાં વહેચેલ હોય, તેના ડાયમેન્સન પ્રમાણે ફરજીયાત તેમજ વૈકલ્પિક ઘટકોને ધ્યાનમાં લઈ ટ્રાફીક આઈલેન્ડની ડીઝાઈન તૈયાર કરવાની રહેશે.

સ્પર્ધકોએ તેઓએ તૈયાર કરેલ ટ્રાફીક આઈલેન્ડની ડીઝાઈનનોને સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www.surat municipal.org તથા સરકારશ્રીની વેબસાઈટ www.MyGov.in પર ઓનલાઈન મુકી શકાશે. અથવા તો હાર્ડકોપીને કાર્યપાલક ઈજનેર, ગાર્ડન પ્રોજેકટ સેલની કચેરી, ગાંધી બાગ, ચોક, સુરત મહાનગરપાલિકા ખાતે બંધ કવરમાં તા.૧૬/૦૧/૨૦૧૭ સુધીમાં ઓફીસ સમય દરમ્યાન મોકલી આપવાના રહેશે. નિયત સમયમર્યાદામાં મળેલ અને પસંદગી પામેલ ૧૦૦–ડીઝાઈનને રૂા.૫૦૦/– નું પ્રોત્સાહક ઈનામ આપવામાં આવશે તેમજ પસંદગી પામેલ ડીઝાઈનો પૈકી જે ડીઝાઈનનો ઉપયોગ ટ્રાફીક આઈલેન્ડ બનાવવા પસંદગી કરવામાં આવશે તેની ડીઝાઈનને રૂા.૫૦૦૦/– (પાંચ હજાર) નો પુરસ્કાર આપવામાં આવશે.

ઉપરોકત ટ્રાફીક આઈલેન્ડના ત્રણ કેટેગરીના ડાયમેન્સન દર્શાવતા ડ્રોઈંગ્સ તથા અન્ય વિગતોને www.surat municipal.org તથા www.MyGov.in પરથી સ્પર્ધકો ડાઉનલોડ કરી શકશે.

———————————————————————————————————————————

૧૫૧૪

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

ભારત સરકાર દ્વારા આગામી ૨જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં તથા વિવિધ કચેરીઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

માહે ડીસેમ્બર ૨૦૧૬ની તા.૦૧/૧૨/૧૬ થી તા.૧૫/૧૨/૧૬ની થીમેટીક ડ્રાઈવ મુજબ તા.૦૪/૧૨/૧૬નાં રોજ **"નેવી ડે"** તેમજ તા.૦૭/૧૨/૧૬નાં રોજ **"ફ્લેગ ડે"** નિમીતે સરકારશ્રી દ્વારા તા.૧૩/૧૨/૧૬ સુરત શહેરના પોલીસ કર્મચારીઓ ધ્વારા પોલિસ આવાસ વિસ્તારમાં સ્વચ્છતા ઝુંબેશ અને જાગૃતિ અભિયાન કરવા માટે જણાવવામાં આવેલ છે.

જે અંતર્ગત તા.૧૩/૧૨/૧૬ના રોજ સુરત મહાનગરપાલિકાના ઝોન વિસ્તારમાં આવેલ પોલિસ આવાસ વિસ્તારમાં પોલીસ કર્મચારીઓ અને નગરજનોની સંયુકત ટીમો બનાવી આવાસોમાં સફાઈ અંગેનું અભિયાન કરી સદર વિસ્તારમાં ધનીષ્ઠ સફાઈ કામગીરી કરાવ્યા બાદ કચરા મિશ્રીત માટીનાં ઢગલાઓ નિકાલ કરાવી ઝુંબેશમાં ભાગ લીધેલ તમામ કર્મચારીઓને સ્વચ્છતા અને આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ છે..

| પોલીસ કર્મચારી | નાગરીકો | આવાસોની સંખ્યા | સુપરવાઈઝર | કામદાર | નિકાલ કરેલ કચરો(મે.ટન) | જંતુનાશક પાવડર(કિગ્રા. |
|---|---|---|---|---|---|---|
| 65 | 130 | 10 | 21 | 97 | 1.314 | 112 |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૧૫૧૫

# <u>પ્રેસનોટ</u>

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

**<u>સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં દબાણ દૂર કર્યાની વિગત :–</u>**

સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ અને ડે.મ્યુ.કમિશ્નરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રી ની સીધી સુચના અને માર્ગદર્શન હેઠળ આજે તા.૧૪/૧૨/૨૦૧૬ ના રોજ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૭ પાલીયા ગ્રાઉન્ડથી વેડ દરવાજા વચ્ચેના ૧૫૦' ડી.પી. રોડ પરના બાકી રહી ગયેલ ઝુંપડાઓ તરફ આશરે ૩૫૦ ચો.મી. માપ વિસ્તારમાં કરવામાં આવેલ દબાણ શહેર વિકાસના સ્ટાફ, દબાણના સ્ટાફ તથા સીકયુરીટીના સ્ટાફની મદદથી દૂર કરવામાં આવેલ છે.

**<u>સુરત મહાનગરપાલિકા</u>** **<u>તા.૧૪–૧૨–૨૦૧૬</u>**

આ સુરત મહાનગરમાં સુરત મહાનગરપાલિકાની ડિસેમ્બર–૨૦૧૫માં ભારતીય જનતા પાર્ટીએ શાસનધુરા સંભાળ્યાને આજે એક વર્ષ પુર્ણ કરી બીજા વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહયા છીએ ત્યારે આ નગરના નગરજનોને બે શબ્દો કહેવાની ખુશી વ્યકત કરુ છું. આ સુરત મહાનગરપાલિકામાં અમોએ શાસનધુરા સંભળ્યાથી આજ દિન પર્યતન શાસન કર્તાઓના અથાગ પ્રયત્નોથી આ એક વર્ષના સમયગાળામાં સુરત મહાનગરપાલિકાના પ્રાથમિક સુવિધાના કામોની સાથો સાથ વિકાસના કામો, શૈક્ષણિક અને મનોરંજન કાર્યક્રમો, આરોગ્ય વિષયક બાબતો રમત–ગમતના સાધનો /મેદાનો , કોમ્યુનીટી હોલ, ઓડીટોરીયમ હોલ, ટ્રાફિક શુધ્ધીકરણ બ્રીજો, રોડ–રસ્તા અને શહેરની રોશની જેવા અનેક વિધ કામો થયા છે. આમ આ મહાનગરની આમ જનતાની અપેક્ષાઓને પરિપુર્ણ કરવા માટે અમોએ બનતા બધા પ્રયત્નો કર્યા છે.

આ ઔદ્યોગિક શહેરમાં વસ્તી અને વિસ્તાર ખુબજ તેજ ગતિએ વધી રહયો છે. આ હરળફાળ ભરી રહેલા શહેરની વસ્તી અને વિસ્તારની સુરત મહાનગરપાલિકાની પ્રાથમિક જરૂરીયાતો જેવી કે, રોડ–રસ્તા અને શહેરના ગરીબ અને મધ્યમવર્ગના લોકોને પોતાનું ઘર નજીવી કિમતે મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા ધ્વારા મુખ્યમંત્રી આવાસા યોજના અંતર્ગત બાંધકામ પુર્ણ કરીને ૧૨,૦૧૭ જેટલા તમામ સુવિધાયુકત મકાનો આ શહેરની જનતાને અપર્ણ કરવામાં આવ્યા છે તેમજ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ૫૦૫૭ જેટલા મકાનો સુરત મહાનગરપાલિકાએ વિવિધ વિસ્તારમાં તૈયાર કરીને શહેરના મધ્યવર્ગના શહેરીજનોને અર્પણ કરેલ છે. આ સુરત મહાનગરને Smart City અંતર્ગત સુરત મહાનગરપાલિકાએ લગભગ ૨૬૦૦ કરોડના પ્રોજેકટો સામેલ કરેલ છે. જે અંતર્ગત **(એ) પાન સીટી ડેવલપમેન્ટ (બી) એરીયા બઈઝ ડેવલપમેન્ટ**માં વિભાજીત કરવામાં આવેલ છે, જે પૈકી આ શહેરના મર્યાદીત આવક ધરાવતા નાગરીકોને પોતાનું રહેણાંક મળી શકે તે હેતુસર અંદાજીત ૩૦૦૦ જેટલા મકાનોની સુવિધા આપવામાં આવનાર છે તથા શહેરમાં પાણી, ડ્રનેજ જેવા પ્રાથમિક કામોને પહોચી વળવા માટે શાસન કર્તાઓએ હંમેશા કમર કસી છે.

આ સુરત મહાનગરપાલિકાના ભારતીય જનતા પાર્ટીના ચૂંટણી ઢંઢેરાને અમો હંમેશા વળગી રહયા છીએ. ભારતીય જનતા પાર્ટી એ એક શિસ્તબધ પાર્ટી છે અને એ થકીજ સુરત મહાનગરપાલિકાના શાસન કર્તાઓ સુરત મહાનગરપાલિકાના નિતી નિયમો અનુસાર આ સુરત મહાનગરપાલિકામાં અનેક વિધ કામો શાકારીત કરીને આ મહાનગરની મહામુલી આ શહેરના નગરનજનોને અર્પણ કરી છે.

આમ સુરત કે ગુજરાત જ નહી બલ્કે સારાએ ભારત દેશમાં આજે વિકાસક્ષેત્રે ભારતીય જનતા પાર્ટીની વાહ વાહ થાય છે. આ સુરત મહાનગરપાલિકાનો વિકાસ અને તેની પ્રાથમિક સુવિધાઓ વિગેરે પાસાઓ સુરત

મહાનગરપાલિકાના શાસન કર્તાઓ, મ્યુ.કમિશ્નરશ્રી, વહીવટી ટીમ અને કર્મચારીઓ વિગેરેને આભારી છે અને એ થકી આ સુરત મહાનગરપાલિકાને અનેક વિધ એવોર્ડ મળ્યા છે અને મળતા જ રહેશે તેનો તાજો દાખલો જોઈએ તો તા.૧૯–૧૨–૨૦૧૬ના રોજ સુરત મહાનગરપાલિકાને માન.શ્રી રવિ શંકર પ્રસાદ માન.મંત્રી ભારત સરકારશ્રીના ઈલેકટ્રોનિકસ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય ધ્વારા, દિલ્હી ખાતે **"ડીજીટલ ઈન્ડિયા એવોડ"** એનાયત થનાર છે. આમ સુરત મહાનગર બ્રીજ નગરીની સાથો સાથ એવોર્ડ નગરી મહાનગરપાલિકા તરીકે ઓળખાશે.

આજે આ મહાનગરપાલિકાના અમારા એક વર્ષના શાસન દરમ્યાન અંદાજીત રૂા.૪૧૦૦/–કરોડોના વિકાસના વિવિધ કામો પાર પાડવામાં આવ્યા છે. આમ સુરત મહાનગરપાલિકામાં વિકાસ ક્ષેત્રે કોઈ પણની સ્નેહ શરમ રાખ્યા વિના વિકાસના કામોની કેડી આગળને આગળ આ સુરત મહાનગરપાલિકાના શાસન કર્તા ધપાવશે. સુરત મહાનગરપાલિકના વિકાસમાં શહેરીજનોનો સાથ અને સહકાર રહેશે તેવો મને ગઢ વિશ્વાસ છે. આમ સુરત મહાનગરપાલિકામાં અમારા એક વર્ષના શાસન દરમ્યાન વિવિધ પ્રકારના કામોના ખાતમુહૂર્ત અને ઉદઘાટનો/ લોકાપર્ણ કરવામાં આવ્યા છે.

સુરત મહાનગરપાલિકાના મેયરશ્રી,ડે.મેયરશ્રી, અધ્યક્ષશ્રી સ્થાયી સમિતિ, શાસકપક્ષના નેતાશ્રી, વિરોધપક્ષના નેતાશ્રી વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ તથા કોર્પોરેટરશ્રીઓ આ એક વર્ષના શાસન દરમ્યાન અમારા થયેલા કામો અંગે સુરત શહેરની જાહેર જનતાનો આ તકે આભાર વ્યકત કરીએ છીએ.

# —: પ્રેસનોટ :—

૧૫૧૭

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૧૪/૧૨/૨૦૧૬ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથ ઝોન(ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના) માં ટીપી.૫૪(ભેસ્તાન), રીઝર્વેશન પ્લોટ નં.આર–૨ માંથી આશરે ૧૦' × ૧૦' માપવિસ્તારમાં બનાવવામાં આવેલ ગાય ભેંસના તબેલાનું કાચું પતરાના રોડ તથા બાંબુનુ ટેમ્પરરી સ્ટ્રકચર દુર કરી જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

૧૫૧૮

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૧૪.૧૨.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૩ ફાઈલના **રૂા.૦.૧૨ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ–**૦૬ લોકેશન (ખાડા) ૫૮૯.૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૩૯.૦૦** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ–૦૭** લોકેશન (ખાડા) **૧૬૦.૦૦ ચો.મી.** મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૧૦** લોકેશન, **૨૦૪૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે**,** તથા સાઉથ ઝોન (ઉધના) માં ટીપી.૫૪(ભેસ્તાન), રીઝર્વેશન પ્લોટ નં.આર–૨ માંથી આશરે ૧૦' × ૧૦' માપવિસ્તારમાં બનાવવામાં આવેલ ગાય ભેંસના તબેલાનું કાચું પતરાના રોડ તથા બાંબુનુ ટેમ્પરરી સ્ટ્રકચર દુર કરી જગ્યા ખુલ્લી કરવામાં આવેલ તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલઃ **૦૩,** પાણીના નવા કનેકશન કુલ : ૦૪ આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૦**/– વસુલ લેવામાં આવેલ, તથા **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૬૧** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ ૯૮ છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૬૯.૫૫** લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૫.૯૬** લાખ થયેલ છે., **૧૧** EC તથા ૦૯ RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી, ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૬,૨૮૯**/– વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૨,૫૦૦/**– વસુલ લેવામાં આવેલ છે**., ૧૭૭** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૦૯** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે., તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૫** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૨૦** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટઃ **૨૨૬.૪૩૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૧૯** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૫,૨૫૦/**– છે., તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૦૮૪૭** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૫૮૬૭** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૧૧૭** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૭૪૬** કરવામાં આવેલ છે. જયારે **૩૭** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૫૦૦/**– વસુલ લેવામાં આવેલ છે.

૧૫૧૯

# પ્રેસનોટ

## "સેવાસેતુ"'

રાજય સરકારશ્રી ધ્વારા અમલીકૃત અનેકવિધ લોકપયોગી યોજનાઓ, પ્રવૃત્તિઓ તથા વહીવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયિક ચોકકસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજયના વહીવટમાં પારદર્શિતા વધે તે હેતુથી નાગરીકોની વ્યકિતલક્ષી યોજનાઓ સંગલગ્ન વિભાગો ધ્વારા સ્થળ પર જ ઉકેલ લાવી શકાય માટે તે માટે **તા.૧૭/૧૨/૧૬ને શનિવારના રોજ સવારે ૯:૦૦ થી ૫:૦૦ કલાક દરમ્યાન (૧)લીંબાયત ઝોન ઓફિસ, મોડેલ ટાઉન રોડ, વાટીકા ટાઉનશીપ પાછળ, ડુંભાલ, સુરત ખાતે** તેમજ **(૨) અઠવા ઝોન ઓફિસ, મ્યુનિસીપલ શોપીંગ સેન્ટર, આદર્શ નગર સોસાયટી પાસે, અઠવા લાઈન્સ, સુરત** ખાતે સુરત મહાનગરપાલિકા ધ્વારા **"સેવાસેતુ"** કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં લાગત વિભાગ ધ્વારા આવક/ જાતિ, ક્રિમીલેયર, ડોમીસાઈલ અંગેના દાખલા, રાશન કાર્ડ, આધાર કાર્ડ, માં અમૃત્તમ, મા વાત્સલ્ય કાર્ડ, વિધવા સહાય, નિરાધાર વૃધ્ધ સહાય, દિવ્યાંગતા પ્રમાણપત્ર, સીનીયર સીટીઝન પ્રમાણપત્ર, પ્રોપર્ટી ટેક્ષ, ગુમાસ્તા ધારા, જન્મ મરણના દાખલા, બેંકબલ યોજનાઓ, પ્રધાનમંત્રી જનધન યોજના, સમાજ કલ્યાણ વિભાગની યોજનાઓ, વિગેરે અંગે લોકોની રજુઆતોનો સ્થળ ઉપર નિકાલ કરવામાં આવશે. જેનો લાભ લેવા નજીકના વોર્ડ/ વિસ્તારના શહેરજનોને અપીલ છે.

૧૫૨૦

# :: પ્રેસનોટ ::

<u>સુરત મહાનગરપાલિકા આયોજીત ૪૪મી નાટ્ય સ્પર્ધા(સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા)</u>

સુરત મહાનગરપાલિકા દ્વારા ૪૪મી નાટ્ય સ્પર્ધા(સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા)નું આયોજન તા.૦૫/૧૨/૨૦૧૬ થી તા.૧૬/૧૨/૨૦૧૬ દરમ્યાન ગાંધી સ્મૃતિ ભવન, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત ખાતે કરવામાં આવેલ છે. શહેરના ઉગતા કલાકારોને પ્રોત્સાહિત કરી તેઓ રાજયકક્ષાએ અને રાષ્ટ્રીય કક્ષાએ નાટ્યક્ષેત્રે પોતાનું આગવું સ્થાન મેળવે તેવા ઉમદા હેતુસર સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રતિવર્ષ યોજાતી આ નાટ્ય સ્પર્ધાનો શુભારંભ તા.૦૫/૧૨/૨૦૧૬ના રોજ થીએટર ઓફ જનરેશન નેકસ્ટ સંસ્થાના રિષીત ઝવેરી દિગ્દર્શીત લેખક અને માનવ વચ્ચેની માનસિક કશમકશની રજુઆત કરતા 'ધ કેરેકટર' નાટકથી થયો હતો. તા.૦૬/૧૨/૨૦૧૬ના રોજ દિપ આર્ટ્સ સંસ્થાના ગીત દીક્ષિત દિગ્દર્શીત અસંવેદનશીલ ધરામાં પારંગતી સંવેદનશીલોન રજુ કરતું 'કથા' નાટક ભજવાયું હતું. તા.૦૭/૧૨/૨૦૧૬ના રોજ ડાયમંડ સીટી પ્રોડકશન્સ સંસ્થાના તેજસ આર. ટેલર દિગ્દર્શીત માનવીના કેટલાક અંગત સંબંધોમાં રમાતી ભેદી રમતને રજુ કરતું 'ચેક મેટ' નાટક ભજવાયું હતું. તા.૦૮/૧૨/૨૦૧૬ના રોજ નવરંગ આર્ટસ સંસ્થાના દ્રુતિ જુગલ શાસ્ત્રી દિગ્દર્શીત એક સ્વકેન્દ્રીત, અભિમાની તેમજ ક્રિમીનલ લોયરની વ્યથા રજુ કરતું 'સંસારની સેમીફાઈનલ' નાટક ભજવાયું હતું. તા.૦૯/૧૨/૨૦૧૬ના રોજ પ. ર. મ. સંસ્થાના ડો.પદ્મેશ પંડિત દિગ્દર્શીત પિતા અને પુત્રના સુમેળ સંબંધને દર્શાવતું 'તા.૭મે ને મંગળવાર' નાટક ભજવાયું હતું. તા.૧૦/૧૨/૨૦૧૬ના રોજ રાજગ્રુપ થીયેટર એન્ડ પરફોર્મિંગ આર્ટસ સંસ્થાના રાજેશ આર.પાન્ડેય દિગ્દર્શીત લાયક જીવનસાથી શોધવામાં યુવતીના જીવનમાં બનતી ઘટનાઓના વળાંકને રજુ કરતું 'અંજી' નાટક ભજવાયું હતું. તા.૧૧/૧૨/૨૦૧૬ના રોજ રંગકર્મી સંસ્થાના નરેશ કાપડીઆ દિગ્દર્શીત જીવનની હકીકત કલ્પના કરતાં પણ વધુ ભયાનક હોવાની સત્યઘટના આધારિત 'જે તરફ તું લઈ જશે' નાટક ભજવાયું હતું. તા.૧૨/૧૨/૨૦૧૬ના રોજ આર્ટીઝમ થિયેટરના ગીરીશ સોલંકી દિગ્દર્શીત કુપ્રથા પર પ્રકાશ પાડતું 'દેવદાસીની' નાટક ભજવાયું હતું. તા.૧૩/૧૨/૨૦૧૬ના રોજ ફોરમ આર્ટસ સંસ્થાના વૈભવ એમ.દેસાઈ દિગ્દર્શીત રહસ્યની બારખડી રજુ કરતું "ક" કતલનો "ક" નાટક ભજવાયું હતું. તા.૧૪/૧૨/૨૦૧૬ના રોજ મલ્હાર સંસ્થાના જયોતિ વૈદ્ય દિગ્દર્શીત અલિખીત નાટક ભજવાયું હતું. ગાંધી સ્મૃતિ ભવનના તખ્તે ભજવાયેલા આ નાટકોને શહેરના નાટ્ય રસિક નગરજનોએ રસપૂર્વક માંણ્યા હતા. હવે પછી નીચે મુજબના નાટકો ગાંધી સ્મૃતિ ભવનના તખ્તે રજુ થશે.

## <u>:: ૪૪મી નાટ્ય સ્પર્ધા(સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા)માં હવે પછી રજુ થનાર નાટકો ::</u>

| ક્રમ | તારીખ | વાર | નાટકનું નામ | સંસ્થાનું નામ | દિગ્દર્શકનું નામ |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૫/૧૨/૨૦૧૬ | ગુરૂવાર | હાથી રાજા | સમાંતર થીએટર | કેતન રાઠોડ |
| ૨ | ૧૬/૧૨/૨૦૧૬ | શુક્રવાર | સરિતા | સ્વરમ્ એન્ટરટેઈનર | ચેતન સી. કણિયા |

**આવતીકાલે તા.૧૬/૧૨/૨૦૧૬ના રોજ રાત્રે ૮.૦૦ કલાકે નાટક યોજાનાર હોય, પાસધારકોએ ૮.૦૦ કલાક પહેલા પ્રવેશ મેળવી લેવાનો રહેશે. નાટક પૂર્ણ થયા બાદ યોજાનાર ઈનામ વિતરણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે.**

૧૫૨૧

# –:: પ્રેસ નોટ ::–

મા.મ્યુનિ.કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકાની વારંવાર સુચના આપવા છતાં રોડ બનાવવાની કામગીરીમાં બેદરકારી દાખવવા બદલ સુરત મહાનગરપાલિકાના નોર્થ ઝોનમાં જુની. ઈજનેર (સીવીલ) તરીકે ફરજ બજાવતા શ્રી હિમાંશુકુમાર ડી. ગોહીલને ફરજ મૌકુફી હેઠળનો હુકમ કરવામાં આવેલ છે.

૧૫૨૨

**-:: પ્રેસ નોટ ::-**

સુરત મહાનગરપાલિકાની જુદી જુદી વર્ગ–૧ થી વર્ગ–૪ સંવર્ગમાં તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૧૫/૧૨/૨૦૧૬ દરમ્યાન જુદી જુદી ૩૭ કેડરો મળી કુલ–૨૪૦૧ ઉમેદવારોને ખાલી જગ્યા ઉપર નિમણુંક આપવામાં આવેલ છે, જેની ટૂકી વિગત નીચે મુજબ છે.

**સુરત મહાનગરપાલિકામાં જુદી જુદી કેડરોની ખાલી જગ્યા ઉપર તા.૦૧/૦૧/૨૦૧૬ થી આપેલ નિમણુંકનું વિગત દર્શાવતું પત્રક**

| અ. નં. | કેડરનું નામ | નિમણુંકની સંખ્યા |
|---|---|---|
| 1. | આસી.ઈજનેર (ઈલે.) | 7 |
| 2. | ડે.એકાઉન્ટન્ટ | 6 |
| 3. | કાર્યપાલક ઈજનેર (સીવીલ) | 2 |
| 4. | નાયબ આરોગ્ય અધિકારી | 1 |
| 5. | ડે.મ્યુનિ.કમિશનર | 3 |
| 6. | ડે.ઈજનેર (ઈલે.) | 1 |
| 7. | એસોસીયેટ પ્રોફેસર | 1 |
| 8. | આસી.પ્રોફેસર | 9 |
| 9. | ફીઝીયોથેરાપીસ્ટ | 1 |
| 10. | સ્ટોર કીપર કમ કલાર્ક | 2 |
| 11. | કલીનર | 76 |
| 12. | લાયબ્રેરી ટેક. આસી. | 3 |
| 13. | કયુરેટર (એકવેરીયમ) | 1 |
| 14. | આસી.એકાઉન્ટન્ટ | 8 |
| 15. | ટેકનીકલ આસી. | 56 |
| 16. | ટેલીફોન ઓપરેટર | 15 |
| 17. | ડ્રાઈવર | 337 |
| 18. | ટેકનીકલ આસી. (બાયો કેમીસ્ટ) | 2 |
| 19. | આસી.જંતુનાશક અધિકારી | 2 |
| 20. | કોમ્યુનીટી ઓર્ગેનાઈઝર | 11 |
| 21. | માર્શલ | 744 |
| 22. | માર્શલ લીડર | 8 |
| 23. | ત્રીજી શ્રેણી કલાર્ક | 774 |
| 24. | બેલદાર | 67 |
| 25. | સફાઈ કામદાર | 16 |
| 26. | ડ્રાઈવર | 3 |
| 27. | વોર્ડ બોય | 81 |
| 28. | નર્સ (બીપીએનએ) | 19 |
| 29. | જુની. મેડીકલ ઓફિસર | 23 |
| 30. | જુની. મેડીકલ ઓફિસર (પીડીયાટ્રીક) | 02 |
| 31. | જુની. મેડીકલ ઓફિસર (આઈસીસીયુ) | 01 |
| 32. | ડેન્ટલ સર્જન | 02 |
| 33. | રેસી. મેડીકલ ઓફિસર (અ.હે.સે.અને મેટ હોમ) | 02 |
| 34. | સફાઈ કામદાર | 37 |
| 35. | સફાઈ કામદાર (ડ્રેનેજ) | 02 |
| 36. | બેલદાર (વી.બી.ડી.સી.) | 01 |
| 37. | આશ્રિત તરીકે (ત્રીજી શ્રેણી કલાર્ક / પટાવાળા / બેલદાર / સફાઈ કામદાર) | 75 |
| | કુલ.... | 2401 |

૧૫૨૩

# -:: પ્રેસ નોટ ::-

સુરત મહાનગરપાલિકામાં ત્રીજી શ્રેણી કલાર્કની ખાલી જગ્યાઓ પુરવા આપવામાં આવેલ જાહેરાત સંદર્ભે સ્ટાફ સીલેકશન સમિતિના રીપોર્ટથી પસંદગી પામેલ ઉમેદવારો પૈકી ચોથા વર્ગમાંથી ત્રીજી શ્રેણી કલાર્કની જગ્યાઓ ભરવા માટે અનામત જગ્યા રાખી ત્યારબાદ જુદા જુદા ઝોન / ખાતાઓમાં આ કેડરની ૭૭૪ ખાલી જગ્યા ઉપર નિમણૂંક અંગેના હુકમો ઈસ્યુ કરવામાં આવેલ છે.

**૧૫૨૪**

# —: પ્રેસનોટ :—

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૧૫/૧૨/૨૦૧૬ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથ ઝોન(ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના) માં ટી.પી.૬૭ (જીયાવ–સોનારી–ગભેણી) માં ૩૦.૦૦ મી. તથા ૧૨.૦૦ મી. ટી.પી. રસ્તામાં નડતરરૂપ પાકા મકાનો દુર કરી આશરે ૫૦૦ ચો.ફુટ જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

૧૫૨૫

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૧૫.૧૨.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : **૨** ફાઈલના **રૂા.૦.૦૬ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ–**૦૭ લોકેશન (ખાડા) ૫૧૨.૦૦ ચો.મી.** પેચવર્કની કામગીરી કરી કુલ **૩૩.૧૧** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ–૦૪** લોકેશન (ખાડા) **૨૩૪.૦૦ ચો.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ**–૦૮ લોકેશન, **૧૫૦૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે**,** તથા સાઉથ ઝોન (ઉધના) માં ટી.પી.૬૭ (જીયાવ–સોનારી–ગભેણી) ખાતે ૩૦.૦૦ મી. ટી.પી. રસ્તામાં નડતરરૂપ પાકા મકાનો દુર કરી આશરે ૫૦૦ ચો.ફુટ જગ્યા ખુલ્લી કરવામાં આવેલ તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલઃ **૦૩,** પાણીના નવા કનેકશન કુલ : **૦૪** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૦**/– વસુલ લેવામાં આવેલ, તથા **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૫૯** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ **૧૩૬** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.**૩૯.૭૦ લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૫.૩૭** લાખ થયેલ છે., **૨૨** EC તથા ૦૬ RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી, ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૭,૧૬૨**/– વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.**૩,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે**., ૧૯૬** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧૫** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે., તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૨૧** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટઃ **૨૧૨.૧૮૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ ૪૪ છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૧૪,૬૫૦**/– છે., તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૨૦૪૧** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૮૧૮૧** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૧૦૪** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ ૭૦૯ કરવામાં આવેલ છે. જયારે **૫૩** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૪૦૦**/– વસુલ લેવામાં આવેલ છે.

| | |
|---|---|
| | **સુરત મહાનગરપાલિકા**<br>**માર્કેટ વિભાગ**<br>**જાહેર આરોગ્ય ખાતુ** |

**જાહેર રસ્તા ઉપર રખડતા–રઝડતા ઢોરો મુકનાર માલિકો સામે માર્કેટ ખાતા દ્વારા કરવામાં આવેલ આકરી કાર્યવાહી**

સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારમાં વસવાટ કરતા પશુપાલકો દ્વારા તેમના ઢોરો પ્રત્યે નિષ્કાળજી રાખી બેદરકારીભર્યુ વર્તન દાખવી જાહેર રસ્તાઓ ઉપર રખડતા–રઝડતા મુકી રાહદારીઓને તથા વાહનવ્યવહારને અવરોધરૂપ અને ત્રાસરૂપ થતા હોવાની ફરિયાદો ખાતાને મળતા ખાતાએ બે પાળીમાં ઢોરપાર્ટીનું માર્શલ સ્ટાફ સહિતનું આયોજન કરી સુરત શહેરમાં તમામ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં ફરી રખડતા ઢોરોના ત્રાસના સ્થળો ઉપર ત્રાટકી માહે–નવેમ્બર–૨૦૧૬ થી ૧૫ મી ડિસેમ્બર–૨૦૧૬ સુધી કુલ–૬૧૯ જેટલા રખડતા ઢોરોને પકડી પાડી ઢોર ડબ્બામાં પુરેલ અને ૩૭૬ જેટલા નધણિયાતા ઢોરોને શ્રી સુરત પાંજરાપોળ ખાતે આજીવન નિભાવ માટે સુપ્રત કરેલ. આ રીતે પુરાયેલ ઢોરો પૈકી ૨૪૩ જેટલા ઢોરો માલિકો દ્વારા પરત છોડાવતા ઢોરમાલિકો પાસેથી રૂા.૬,૮૭,૫૦૦/– જેટલી માતબર રકમ દંડ પેટે વસેલ કરેલ. ઉપરાંત ૭૧ ઢોરમાલિકો સામે ધી બોમ્બે પોલીસ એકટ–૧૯૫૧ ની કલમ–૯૦(અ) હેઠળ ફરિયાદ દાખલ કરી નામદાર કોર્ટ મારફત દંડિત કરાવેલ.

વધુમાં ખરવરનગર જંકશનના મુખ્ય રસ્તા પર પશુપાલકો દ્વારા ખીલા થોકી ઢોરો બાંધી ગંદકીનો જાહેર ઉપદ્રવ કરતા હોવાનું ખાતાના ધ્યાન પર આવતા સ્થળ તપાસ કરી બાંધેલા તમામ ઢોરોને રસ્તા ઉપરથી ઢોરમાલિકોના તબેલાઓમાં ખસેડાવી તેમની જગ્યામાં જ બાંધી રાખવાની સુચના આપી રૂા.૨૦,૦૦૦/– વહીવટી ચાર્જ પેટે વસુલ કરેલ. આ જ રીતે વલ્લભાચાર્ય બી.આર.ટી.એસ. રૂટ પર કાર્યવાહી કરતા ઢોરમાલિકો દ્વારા તેમના ઢોરોને અન્યત્ર સ્થળે બાંધી દીધેલ હોવાનું તપાસ દરમ્યાન માલુમ પડેલ.

માર્કેટ ખાતાએ વિવિધ ઝોનના ઝોનલ ચીફ સાથે સંકલનમાં રહી તમામ ઝોનમાં વસવાટ કરતા તમામ પશુપાલકો / માલધારીઓને જે–તે ઝોન ઓફીસ ખાતે બોલાવી તેઓની સાથે બેઠક કરી તેમના કબજા હેઠળના ઢોરોનું કઈ રીતે નિયમન–નિયંત્રણ કરવુ ની સમજ આપવામાં આવેલ અને આપેલ સુચનાનું પાલન નહી કરનારની સામે ધી બોમ્બે પોલીસ એકટ હેઠળ, ક્રિમિનલ પ્રોસીઝર કોડ અને ભારતીય ફોજદારી ધારા હેઠળની વિવિધ જોગવાઈઓ હેઠળ કાયદેસર ની કાર્યવાહી કરવામાં આવશે ની સ્પષ્ટ ચીમકી આપવામાં આવેલ. તેમજ તમામ ઢોરમાલિકો સુરત મહાનગરપાલિકાના સ્વચ્છ ભારત મિશનમાં પુરતો સાથ સહકાર આપી સહભાગી બની રહે ની અપીલ પણ માર્કેટ ખાતા દ્વારા કરવામાં આવેલ.

૧૫૨૭

# પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી

તા.૧૬/૧૨/૨૦૧૬

**પૂર્વ(વરાછા)ઝોનમાં સમાવિષ્ટ અલગ અલગ વિસ્તારમાં દબાણ ઝુંબેશ કરી દબાણ હટાવવાની કામગીરી બાબત.**

પૂર્વ (વરાછા)ઝોન માં સમાવિષ્ટ ટી.પી. સ્કીમ નં.૮(ઉમરવાડા) માં આવેલ ખાડી મોહલ્લા, ટી.પી. સ્કીમ નં.૩(કરંજ)માં આવેલ ઈશ્વરકૃપા પાસે આવેલ શાક માર્કેટ, વંસતભીખાની વાડી પાસે આવેલ શાકમાર્કેટ તથા સંતોષીનગર પાસે ૧૫૦' ના રોડ (બી.આર.ટી.એસ રૂટ) પર ભરાતી શાકમાર્કેટ તથા ટી.પી. સ્કીમ નં.૪(અશ્વનીકુમાર–નવાગામ) માં આવેલ મોદી મહોલ્લા પાસે ભરાતી શાક માર્કેટ તેમજ ફુલ માર્કેટ વિગેરે વિસ્તારમાં આજ રોજ દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરી બંધ/છાપરા લારી નંગ–૪૫ જપ્ત કરી, દંડ પેટે રૂા.૫,૫૦૦/– વસુલવામાં આવેલ. વધુમાં બપોરબાદ પણ અન્ય વિસ્તારોમાં શાકમાર્કેટની બહાર અનઅધિકૃત દબાણો હટાવવાની કામગીરી ચાલુ રહેનાર છે.

ઉકત કામગીરી કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના મુજબ ડે.ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ શહેરી વિકાસ વિભાગ, દબાણ વિભાગ, સીકયુરીટી સ્ટાફ તથા ટ્રાફીક પોલીસ વિભાગ મારફત પાર પાડવામાં આવેલ.

૧૫૨૮

# પ્રેસનોટ

**સેન્ટ્રલ ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

**ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–**

સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ તથા ડે.મ્યુ.કમિશ્નરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૩, નોંધ નં.૧૦૯૬ વાળી મિલ્કતમાં મિલ્કતદાર ધ્વારા મંજુર પ્લાન વિરુધ્ધ ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવતાં અત્રેથી મિલ્કતદારને તા.૧૬/૧૨/૧૬ ના રોજ એન્ટ્રી નોટીસ આપી પાંચમાં માળે આશરે ૧૭૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ આર.સી.સી. સ્લેબ સહિતનું ગેરકાયદેસર બાંધકામ આજે તા.૧૬/૧૨/૧૬ ના રોજ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે. વહીવટી ચાર્જ પેટે કુલ રૂા.૨૫,૦૦૦/– વસૂલ લેવામાં આવેલ છે.

૧૫૨૯

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારત સરકાર દ્વારા આગામી ૨જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં તથા વિવિધ કચેરીઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

માહે ડીસેમ્બર ૨૦૧૬ની તા.૦૧/૧૨/૧૬ થી તા.૧૫/૧૨/૧૬ની થીમેટીક ડ્રાઈવ મુજબ તા.૦૪/૧૨/૧૬નાં રોજ **"નેવી ડે"** તેમજ તા.૦૭/૧૨/૧૬નાં રોજ **"ફ્લેગ ડે"** નિમીતે સરકારશ્રી દ્વારા તા.૧૪/૧૨/૧૬ સુરત શહેરના પોલીસ ધ્વારા પોલિસ સ્ટેશન અને પોલીસ ચોકીમાં ફરજ બજાવતા કર્મચારીઓનું મેડીકલ ચેકઅપ કરવા માટે જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૧૪/૧૨/૧૬ના રોજ સુરત મહાનગરપાલિકાના ઝોન વિસ્તારમાં આવેલ પોલિસ સ્ટેશન/ચોકીમાં ફરજ બજાવતા કર્મચારીઓ માટેનું મેડીકલ ચેકઅપ કરવા બાબતનું આયોજન પોલીસ વિભાગ તરફથી આયોજન કર્યાબાદ ફરજ બજાવતા તમામ કર્મચારીઓનું મેડીકલ ચેકઅપ કરવામાં આવ્યુ હતુ ત્યારબાદ તમામ કર્મચારીઓને અને આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ છે.

| પોલીસ સ્ટેશન/ચોકીની સંખ્યા | મેડીકલ ચેકઅપ થયેલ પોલીસ કર્મચારીની સંખ્યા | સુપરવાઈઝર |
|---|---|---|
| 17 | 226 | 17 |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૧૫૩૦

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

ભારત સરકાર દ્વારા આગામી ૨જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં તથા વિવિધ કચેરીઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

માહે ડીસેમ્બર ૨૦૧૬ની તા.૦૧/૧૨/૧૬ થી તા.૧૫/૧૨/૧૬ની થીમેટીક ડ્રાઈવ મુજબ તા.૦૪/૧૨/૧૬નાં રોજ **"નેવી ડે"** તેમજ તા.૦૭/૧૨/૧૬નાં રોજ **"ફલેગ ડે"** નિમીતે સરકારશ્રી દ્વારા તા.૧૫/૧૨/૧૬ સુરત શહેરના તમામ પોલીસ સ્ટાફ સાથે તમાકુ ઝુંબેશ અને પ્રતિબંધિત પ્લાસટીક અભિયાન કરવા માટે જણાવવામાં આવેલ છે.

જે અંતર્ગત તા.૧૫/૧૨/૧૬ના રોજ સુરત મહાનગરપાલિકાના ઝોન વિસ્તારમાં આવેલ સુરત શહેરના તમામ પોલિસ સ્ટેશન/ચોકીનાં સ્ટાફ સાથે તમાકુ ઝુંબેશ અને પ્રતિબંધિત પ્લાસ્ટીક અભિયાન માટે પોલીસ સ્ટાફ તથા આરોગ્ય વિભાગનાં  સ્ટાફ સાથેની સંયુકત ટીમો બનાવી ઝોન વિસ્તારની સ્કુલ કોલેજ તથા અન્ય વિસ્તારમા પ્રતિબંધિત પ્લાસ્ટીક/તમાકું  ઝુંબેશનું અભિયાન હાથ ધરવામાં આવ્યુ હતું જેમાં નીચે મુજબની કાર્યવાહી કરવામા આવી હતી.આ અભિયાન દરમ્યાન શહેરીજનો તથા સંસ્થાના માલિકોને  સુકો/ભીનો  કચરો અલગ ડસ્ટબીન રાખવા અને શહેરને સ્વચ્છ રાખવા માટે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવી હતી.

| કામગીરી અર્થે બનાવેલ ટીમો | ચેક કરવામાં આવેલ સંસ્થા | જપ્ત કરેલ પ્રતિબંધિત પ્લાસ્ટીક(કિગ્રા) | જપ્ત કરેલ તમાકું પ્રોડકટ | નોટીસ | ઈસમ | વહીવટી ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| 22 | 304 | 63.100 | 856 | 55 | 137 | 28100 |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

## ૧૫૩૧
# મોબાઈલ ટાવરની આકારણી સંદર્ભમાં સુપ્રિમ કોર્ટમાં સુરત મહાનગરપાલિકાનો ઐતિહાસિક વિજય

પ્રવર્તમાન એરીયા બેઈઝ આકારણી પદ્ધતિ હેઠળ સુરત મહાનગરપાલિકા દ્વારા મોબાઈલ ટાવરની જે આકારણી કરવામાં આવતી હતી તેની સામે ભારતમાં આવેલી મોબાઈલ ટાવર કંપનીઓ દ્વારા આ આકારણી સામે નામદાર હાઈકોર્ટમાં જુદી જુદી પીટીશનો દાખલ કરવામાં આવેલ હતી. જેમાં નામદાર હાઈકોર્ટ દ્વારા એપ્રિલ – ૨૦૧૩ માં આ મુજબનો હુકમ કરવામાં આવેલ હતો. **"સ્થાનિક સ્વરાજય સંસ્થા – એટલે કે, મહાનગરપાલિકાઓ મોબાઈલ ટાવરનો વેરો ન લઈ શકે તેમજ ભરેલ નાણા પણ રીફંડ કરવા આદેશ કરેલ."**

જેની સામે સુરત મહાનગરપાલિકાએ સુપ્રિમ કોર્ટમાં અપીલ દાખલ કરેલ હતી. સુપ્રિમ કોર્ટમાં દાખલ થયેલ અપીલ પ્રાથમિક તબકકે સુપ્રિમ કોર્ટે ગ્રાહય રાખી હાઈકોર્ટના હુકમ ઉપર કામચલાઉ મનાઈ આપેલ. આ સંદર્ભમાં સુપ્રિમ કોર્ટમાં છેલ્લા ચાર વર્ષથી સુનાવણી ચાલી રહેલ હતી. જેમાં સુરત મહાનગરપાલિકાના માન. કમિશનરશ્રીના માર્ગદર્શન હેઠળ કાયદાકીય પાસાઓ ધ્યાનમાં લઈ સુરત મહાનગરપાલિકા દ્વારા નિમણૂંક કરેલ સીનીયર કાઉન્સીલર તથા સુપ્રિમ કોર્ટના એડવોકેટની સાથે વિગતવાર રજુઆત કરી લૉ પોઈન્ટ રજુ કરવામાં આવેલ હતા. આ કેસ સુપ્રિમ કોર્ટમાં ચાલી જતા સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવેલ અપીલ પીટીશન સુપ્રિમ કોર્ટ દ્વારા માન્ય રાખવામાં આવી અને મહાનગરપાલિકાઓ મોબાઈલ ટાવરની આકારણી કરી શકે એવો ઐતિહાસિક જજમેન્ટ આપેલ છે. આ ચુકાદાને ધ્યાનમાં લેતાં સુરત મહાનગરપાલિકાને મોબાઈલ ટાવરના બાકી લેણા પેટે રૂા. ૮૦/– કરોડની વસુલાત કરી શકશે. તેમજ હાલના કાયદા અન્વયે હયાત મોબાઈલ ટાવરની આકારણી કરી મિલકત વેરા વસુલ કરી શકશે. સુપ્રિમ કોર્ટના ઐતિહાસિક ચુકાદાને અનુસંધાને સુરત મહાનગરપાલિકા મિલકત વેરાની મોટા પ્રમાણમાં રેવન્યુ મળશે. એટલું જ નહી પરંતુ સમગ્ર રાજયની મહાનગરપાલિકાઓ તેમજ નગરપાલિકાઓ મોબાઈલ ટાવરની પ્રવર્તમાન કાયદા હેઠળ આકારણી કરી મોટા પ્રમાણમાં રેવન્યુ મેળવી શકશે.

૧૫૩૨

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૧૬.૧૨.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૩ ફાઈલના **રૂા.૦.૦૮ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., **કુલ–૦૭** લોકેશન (ખાડા)**૨૨૦.૦૦ ચો.મી.**મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૦૭** લોકેશન, **૧૬૦૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે**,** તથા સાઉથ ઝોન (ઉધના) માં ઉધના રેલ્વે સ્ટેશન ઉધના રોડ નં.૦ પાસેથી **૦૨** લારીઓનું દબાણ દુર કરવામાં આવેલ., તથા **રૂા.૨૦૦૦/–** વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલઃ **૦૪,** પાણીના નવા કનેકશન કુલ : **૦૫** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૦/–** વસુલ લેવામાં આવેલ, તથા **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૫૧** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ **૧૭૬** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૨૮.૮૮** લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૮.૬૩** લાખ થયેલ છે., **૨૦** EC તથા **૧૩** RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી, ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૫,૫૭૮/–** વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૮૦૦/–** વસુલ લેવામાં આવેલ છે**.,** **૧૪૫** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧૫** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે., તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૦** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૨૦** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટઃ **૨૧૯.૧૪૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૫૨** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૬,૬૫૦/–** છે., તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૨૧૪૮** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૭૬૨૦** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૧૧૧** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૬૮૧** કરવામાં આવેલ છે. જયારે **૩૨** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૨,૨૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

૧૫૩૩

# :: પ્રેસનોટ ::

## સુરત મહાનગરપાલિકા આયોજીત ૪૪મી ''સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા''નું સમાપન

સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રાથમિક સુવિધાઓ સહિત મનોરંજન પુરૂં પાડવાની નેમ સાથે સુરતની પ્રજાની આગવી તાસીર ટકાવવા, તેની ઉત્સવપ્રિયતા, રીતરિવાજ અને પ્રણાલિકાઓની જાળવણી કરી લોક સંસ્કૃતિનું જતન તેમજ સંવર્ધન કરવા ઉપરાંત કળા, સંગીત, નૃત્ય, નાટ્ય કલાકારો અને રમતવીરોને પ્રોત્સાહન આપી તેમનામાં છૂપાયેલી શકિત બહાર લાવવા વિવિધ કાર્યક્રમોના આયોજનો અને સ્પર્ધાઓ વર્ષ દરમ્યાન યોજવામાં આવે છે. મહાનગરપાલિકાની કલાભિમુખતાના ફળસ્વરૂપ આજે શહેરના અનેક કલાકારો અને રમતવીરોએ સુરત શહેરનું નામ રોશન કરેલ છે.

સાહિત્ય અને કલાનગરી તરીકે જાણીતા સુરત શહેરના ઉગતા કલાકારોને અને રંગભૂમિને પ્રોત્સાહિત કરી તેઓ રાજયકક્ષાએ અને રાષ્ટ્રીય કક્ષાએ નાટ્યક્ષેત્રે પોતાનું આગવું સ્થાન મેળવે તેવા ઉમદા હેતુસર સુરત મહાનગરપાલિકા દ્વારા ૪૪મી નાટ્ય સ્પર્ધા(સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા)નું આયોજન તા.૦૫/૧૨/૨૦૧૬ થી તા.૧૬/૧૨/૨૦૧૬ દરમ્યાન ગાંધી સ્મૃતિ ભવન, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત ખાતે કરવામાં આવ્યું હતું.

પ્રજાભિમુખ પ્રકલ્પોનું નિર્માણ કરતી, પ્રગતિના પંથે સતત આગેકૂચ કરતી અને શહેરીજનોના સ્વપ્નોને સાકાર કરતી સુરત મહાનગરપાલિકાએ સુરતને ગૌરવ અપાવનાર રંચમંચના મહાન અદાકાર સ્વ.સંજીવકુમારની સ્મૃતિમાં આ નાટ્ય સ્પર્ધાને તા.૦૧/૧૦/૨૦૧૫થી ''સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા'' નામ આપવામાં આવ્યું હતું.

સમગ્ર ગુજરાતની મહાનગરપાલિકાઓમાં સુરત મહાનગરપાલિકા જ છેલ્લા ૪૩ વર્ષથી આ નાટય સ્પર્ધાઓનું આયોજન કરી ૧૯૬૯થી શહેરના ઉગતા કલાકારોને પ્રોત્સાહિત કરી તેઓ રાજયકક્ષાએ અને રાષ્ટ્રીય કક્ષાએ નાટ્યક્ષેત્રે પોતાનું આગવું સ્થાન મેળવે તેવા ઉમદા હેતુસર સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રતિવર્ષ યોજાતી આ નાટ્ય સ્પર્ધાનો શુભારંભ તા.૦૫/૧૨/૨૦૧૬ના રોજ થીએટર ઓફ જનરેશન નેકસ્ટ સંસ્થાના રિષીત ઝવેરી દિગ્દર્શીત લેખક અને માનવ વચ્ચેની માનસિક કશ્મકશની રજુઆત કરતા 'ધ કેરેકટર' નાટકથી થયો હતો. તા.૦૬/૧૨/૨૦૧૬ના રોજ દિપ આટ્સ સંસ્થાના ગીત દીક્ષિત દિગ્દર્શીત અસંવેદનશીલ ધરામાં પારંગતી સંવેદનશીલોન રજુ કરતું 'કથા' નાટક ભજવાયું હતું. તા.૦૭/૧૨/૨૦૧૬ના રોજ ડાયમંડ સીટી પ્રોડકશન્સ સંસ્થાના તેજસ આર. ટેલર દિગ્દર્શીત માનવીના કેટલાક અંગત સંબંધોમાં રમાતી ભેદી રમતને રજુ કરતું 'ચેક મેટ' નાટક ભજવાયું હતું. તા.૦૮/૧૨/૨૦૧૬ના રોજ નવરંગ આર્ટસ સંસ્થાના દ્રુતિ જુગલ શાસ્ત્રી દિગ્દર્શીત એક સ્વકેન્દ્રીત, અભિમાની તેમજ ક્રિમીનલ લોયરની વ્યથા રજુ કરતું 'સંસારની સેમીફાઈનલ' નાટક ભજવાયું હતું. તા.૦૯/૧૨/૨૦૧૬ના રોજ પ. ર. મ. સંસ્થાના ડો.પદ્મેશ પંડિત દિગ્દર્શીત પિતા અને પુત્રના સુમેળ સંબંધને દર્શાવતું 'તા.૭મે ને મંગળવાર' નાટક ભજવાયું હતું. તા.૧૦/૧૨/૨૦૧૬ના રોજ રાજગ્રુપ થીયેટર એન્ડ પરફોર્મિંગ આર્ટસ સંસ્થાના રાજેશ આર.પાન્ડેય દિગ્દર્શીત લાયક જીવનસાથી શોધવામાં યુવતીના જીવનમાં બનતી ઘટનાઓના વળાંકને રજુ કરતું 'અંજી' નાટક ભજવાયું હતું. તા.૧૧/૧૨/૨૦૧૬ના રોજ રંગકર્મી સંસ્થાના

નરેશ કાપડીઆ દિગ્દર્શીત જીવનની હકીકત કલ્પના કરતાં પણ વધુ ભયાનક હોવાની સત્યઘટના આધારિત 'જે તરફ તું લઈ જશે' નાટક ભજવાયું હતું. તા.૧૨/૧૨/૨૦૧૬ના રોજ આર્ટીઝમ થિયેટરના ગીરીશ સોલંકી દિગ્દર્શીત કુપ્રથા પર પ્રકાશ પાડતું 'દેવદાસીની' નાટક ભજવાયું હતું. તા.૧૩/૧૨/૨૦૧૬ના રોજ ફોરમ આર્ટસ સંસ્થાના વૈભવ એમ.દેસાઈ દિગ્દર્શીત રહસ્યની બારખડી રજુ કરતું ''ક'' કતલનો ''ક'' નાટક ભજવાયું હતું. તા.૧૪/૧૨/૨૦૧૬ના રોજ મલ્હાર સંસ્થાના જયોતિ વૈદ્ય દિગ્દર્શીત અલિખીત નાટક ભજવાયું હતું. . તા.૧૫/૧૨/૨૦૧૬ના રોજ સમાંતર થિયેટર સંસ્થાના કેતન રાઠોડ દિગ્દર્શીત રહસ્યની 'હાથી રાજા' નાટક ભજવાયું હતું. તા.૧૬/૧૨/૨૦૧૬ના રોજ સ્વરમ્ એન્ટરટેઈનર સંસ્થાના ચેતન સી.કણિયા દિગ્દર્શીત 'સરિતા નાટક ભજવાયું હતું. ગાંધી સ્મૃતિ ભવનના તખ્તે ભજવાયેલા આ નાટકોને શહેરના નાટ્ય રસિક નગરજનોએ રસપૂર્વક માંણ્યા હતા. સ્પર્ધાના અંતિમ નાટકના શો બાદ નીચે મુજબ જાહેર થયેલા વિજેતાઓનો ઈનામ વિતરણ સમારંભ યોજાયો હતો.

:: સુરત મહાનગરપાલિકા આયોજીત ૪૪મી ''સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા''નું પરિણામ ::

| ક્રમ | ઈનામ | નાટ્ય સંસ્થાનું નામ | નાટકનું નામ | કલાકારનું નામ | નાટકના પાત્ર |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રેષ્ઠ બાળ કલાકાર | સ્વરમ્ એન્ટરટેઈનર | સરિતા | હાર્વિ ભટ્ટ | પિંકી |
| | | મલ્હાર | અલિખિત | ધ્રુવી શાહ | નિષ્કા |

| | | નાટ્ય સંસ્થાનું નામ | નાટકનું નામ |
|---|---|---|---|
| ૨ | શ્રેષ્ઠ દ્રશ્ય પરિકલ્પના | આર્ટિઝમ થિયેટર | દેવદાસિની |
| ૩ | શ્રેષ્ઠ સંગીત | આર્ટિઝમ થિયેટર | દેવદાસિની |
| ૪ | શ્રેષ્ઠ સ્ક્રીપ્ટ | સ્વરમ એન્ટરટેઈનર | સરિતા |
| ૫ | બેસ્ટ થીમ | પરમ | ૭, મે, મંગળવાર |
| ૬ | શ્રેષ્ઠ પ્રકાશ આયોજન | મલ્હાર | અલિખિત |

| | | | નાટ્ય સંસ્થાનું નામ | નાટકનું નામ | નાટકના પાત્ર | કલાકારનું નામ |
|---|---|---|---|---|---|---|
| ૭ | શ્રેષ્ઠ સ્ત્રી અભિનય | ૧ | થિયેટર ઓફ જનરેશન નેકસ્ટ | ધ કેરેકટર | લાગણી | સિમરન અરોરા |
| | | ૨ | પરમ | ૭ મે મંગળવાર | દાદીમા | રંજના પટેલ |
| | | ૩ | રાજગૃપ થિયેટર એન્ડ પરફોર્મિંગ આર્ટ | અંજી | અંજી | નીતુ તન્વર |
| | | ૪ | રંગકર્મી | જે તરફ તું લઈ જશે | સુજાતા ભટ્ટ | સુચા કિનારીવાલા |
| | | ૫ | આર્ટીઝમ થિયેટર | દેવદાસિની | ભાગ્યા | રક્ષિતા શાહ |
| | | ૬ | મલ્હાર | અલિખિત | માયા | સપના શેઠ |
| | | ૭ | સ્વરમ એન્ટરટેઈનર | સરિતા | શૈલી | દેવાંગી ભટ્ટ |
| ૮ | સર્વ શ્રેષ્ઠ સ્ત્રી અભિનય | | દીપ આર્ટસ | કથા | સુંદરી | પ્રીતી પટેલ |
| ૯ | શ્રેષ્ઠ પુરૂષ અભિનય | ૧ | દિપ આર્ટસ | કથા | યુનુસ | હીરેન વૈદ્ય |
| | | ૨ | નવરંગ આર્ટસ | સંસારની સેમી ફાઈનલ | હરિ મહેતા | જુગલ શાસ્ત્રી |
| | | ૩ | પરમ | ૭ મે મંગળવાર | સુરજ | મેઘ પંડિત |
| | | ૪ | રાજગૃપ થિયેટર એન્ડ પરફોર્મિંગ આર્ટ | અંજી | ભાગવત ગૌતમ | રાજેશ પાંડે |
| | | ૫ | આર્ટિઝમ થિયેટર | દેવદાસિની | પર્શા | સાગર ગોહિલ |
| | | ૬ | ફોરમ આર્ટસ | 'ક' કતલનો 'ક' | નિખિલેશ દેસાઈ | કૃણાલ નાયક |
| | | ૭ | મલ્હાર | અલિખિત | કે.સી. | મિહિર પાઠક |
| ૧૦ | સર્વશ્રેષ્ઠ પુરૂષ | | પરમ | ૭ મે મંગળવાર | આકાશ | ડેનીશ પુનીવાલા |

| | અભિનય | | | | |
|---|---|---|---|---|---|

| | | | **નાટ્ય સંસ્થાનું નામ** | **નાટકનું નામ** | **દિગ્દર્શકનું નામ** |
|---|---|---|---|---|---|
| ૧૧ | શ્રેષ્ઠ દિગ્દર્શક | પ્રથમ | આર્ટિઝમ થિયેટર | દેવદાસિની | ગિરીશ સોલંકી |
| | | દ્વિતીય | સ્વરમ્ એન્ટરટેઈનર | સરિતા | પંકજ પાઠકજી |

| ૧૨ | **વિજેતા** | **નાટ્ય સંસ્થાનું નામ** | **નાટકનું નામ** |
|---|---|---|---|
| | પ્રથમ | આર્ટિઝમ થિયેટર | દેવદાસિની |
| | દ્વિતીય | પરમ,<br>સ્વરમ્ એન્ટરટેઈનર | ૭ મે, મંગળવાર,<br>સરિતા |
| | તૃતીય | દીપ આર્ટસ | કથા |
| | ચતુર્થ | રાજગ્રુપ થિયેટર એન્ડ પરર્ફોમિંગ આટ | અંજી |

નિર્ણાયકોએ સુરતની નાટ્ય સંસ્થાઓને અભિનંદન પાઠવી નાટકોનું સ્તર વધે તે માટે વધુ મહેનત કરવા નાટ્ય સંસ્થાઓને અપીલ કરી હતી. નાટ્ય સ્પર્ધાના વિવિધ કેટેગરીમાં ૨૯ વિજેતાઓને મા.મેયર શ્રીમતિ અસ્મિતાબેન શિરોયા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, આસી.કમિશનરશ્રી કમલેશભાઈ નાયક, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી રૂપલબેન શાહ, તથા સંજીવકુમાર ફાઉન્ડેશનના પ્રમુખશ્રી ઉદયભાઈ અને નિર્ણાયકશ્રી રવિન્દ્રભાઈ પારેખ (સુરત), શ્રી પ્રકાશભાઈ લાલા(અમદાવાદ) અને શ્રી અન્નપૂર્ણાબેન શુકલ(અમદાવાદ)ના હસ્તે વિજેતા પ્રમાણપત્ર, ટ્રોફી તથા રોકડ પુરસ્કાર એનાયત કરી સન્માનવામાં આવ્યા હતા.

૪૪મી 'સંજીવકુમાર નાટ્ય સ્પર્ધામાં ભજવણીના ખર્ચ પટે ₹૧૮,૦૦૦/– લેખે ૧૨ નાટ્ય સંસ્થાઓને ₹ ૨,૧૬,૦૦૦/– ભજવણી પેટે સુરત મહાનગરપાલિકા દ્વારા આપવામાં આવ્યા હતાં અને સંજીવકુમાર ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા વિવિધ કેટેગરીમાં ૨૯ વિજેતાઓને ₹૪૨,૪૦૦/– રોકડ ઈનામ, તેમજ પ્રમાણપત્ર અને ટ્રોફી એનાયત કરવામાં આવ્યા હતા. આ નાટકોને શહેરના નાટ્ય રસિક નગરજનોએ રસપૂર્વક માંણ્યા હતા.



# પૂર્વઝોન(વરાછા)

તા.૧૭/૧૨/ ૨૦૧૬

## સુરત મહાનગરપાલિકા પૂર્વ(વરાછા)ઝોનમાં અલગ અલગ વિસ્તારમાં દબાણ હટાવ ઝુંબેશ કરી દબાણ હટાવવામાં આવેલ.

- **તા.૧૬/૧૨/૨૦૧૬** રોજ પૂર્વ(વરાછા) ઝોનમાં સમાવિષ્ટ ટી.પી. સ્કીમ નં.૮(ઉમરવાડા) માં આવેલ ખાડી મોહલ્લા, ટી.પી. સ્કીમ નં.૩(કરંજ)માં આવેલ ઈશ્વરકૃપા પાસે આવેલ શાક માર્કેટ, વંસતભીખાની વાડી પાસે આવેલ શાકમાર્કેટ તથા સંતોષીનગર પાસે ૧૫૦' ના રોડ (બી.આર.ટી.એસ રૂટ) પર ભરાતી શાકમાર્કેટ તથા ટી.પી. સ્કીમ નં.૪(અશ્વનીકુમાર–નવાગામ) માં આવેલ મોદી મહોલ્લા પાસે ભરાતી શાક માર્કેટ તેમજ ફુલ માર્કેટ વિગેરે વિસ્તારમાં આજ રોજ દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરી બંધ/છાપરા લારી નંગ–૪૫ જપ્ત કરી, દંડ પેટે રૂા.૫,૫૦૦/– વસુલવામાં આવેલ.
- **તા.૧૭/૧૨/૨૦૧૬** ના રોજ પૂર્વ(વરાછા) ઝોનમાં સમાવિષ્ટ નાના વરાછા, સવજી કોરાટ બ્રીજ મેઈન રોડ, સરથાણા કેનાલ રોડ પરમહંસ વિદ્યાલયની સામે, શ્યામધામ મંદિર, સુરત–કામરેજ મેઈન રોડની બંને બાજુએથી ખુલ્લી લારી નંગ–૪૧, બંધ/છાપરા લારી નંગ–૦૩, સાયકલ લારી નંગ–૦૧, કાઉન્ટર નંગ–૦૩, ટેમ્પા નંગ–૦૬, છકડા નંગ–૦૭, રસમશીન નંગ–૧ તથા પાથરણા નંગ–૭૦ જપ્ત કરી દબાણ હટાવવામાં આવેલ.

# પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહનના ભાગરૂપે સુરત સીટી બસની કુલ ૪ રૂટમાં શરૂઆત કરવામાં આવેલ છે. જેમાં કુલ ૫૦ કી.મી. નો શહેરી વિસ્તાર આવરી લેવામાં આવેલ છે. હાલમાં તા. ૨૫/૧૧/૨૦૧૬ ના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે મા. મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે સુરત સીટીબસના ચાર રૂટ (૧) સુરત રેલ્વે સ્ટેશન થી વિવેકાનંદ કોલેજ(જહાંગીરપુરા) (૨) ચોક થી ડિંડોલી (૩) ચોક થી લક્ષ્મીધામ સોસાયટી(વેડ) તથા (૪) ચોક થી ઉન ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ સુધીના રૂટ શરૂ કરવામાં આવેલ છે.

તા.૨૫ નવેમ્બર, ૨૦૧૬ થી તા. ૦૨ નવેમ્બર, ૨૦૧૬ સુધી આ વિસ્તારના શહેરીજનો સુરત સીટી બસ સેવાથી માહિતગાર થાય તથા તેનો મહત્તમ લાભ લે એ હેતુસર સુરત સીટી બસની સેવા આ ચારેય રૂટમાં ફ્રી રાખવામા આવેલ જેમાં તા. ૦૨/૧૨/૨૦૧૬ સુધીમાં કુલ ૧૭,૦૨૫ મુસાફરોએ સુરત સીટી બસની સેવાનો લાભ લીધેલ છે જેમાં દિવસે દિવસે મુસાફરોની સંખ્યામાં વધારો જોવા મળેલ છે. આમ, સુરત શહેરના શહેરીજનો શહેરની સીટી બસની સુવિધાથી માહિતગાર થાય તથા તેનો મહત્તમ લાભ લે તે હેતુસર સીટી બસની સેવા વધુ ૧૫ દિવસ એટલે કે તા.૧૭/૧૨/૨૦૧૬ સુધી આ તમામ રૂટ ઉપર સીટી બસની સેવા ફ્રી રાખવામાં આવેલ છે. આ સમયગાળા દરમ્યાન કુલ ૧,૦૭,૪૪૭ જેટલા મુસાફરોએ સુરત સીટી બસની સેવાનો લાભ લીધેલ છે, આમ, તા. ૨૫/૧૧/૨૦૧૬ થી તા. ૧૬/૧૨/૨૦૧૬ સુધીમાં કુલ ૧,૨૪,૪૭૨ જેટલા મુસાફરોએ સુરત સીટી બસ સેવાનો લાભ લીધેલ છે. છેલ્લા એક સપ્તાહમાં પ્રતિદિન સરેરાશ ૧૦,૦૮૨ જેટલા મુસાફરોએ લાભ લીધેલ છે જેમાં ઉલ્લેખનીય બાબત એ છે કે તા. ૧૬/૧૨/૨૦૧૬ ના રોજ સૌથી વધુ ૧૧,૮૧૭ જેટલા મુસાફરોએ સુરત સીટી બસની સેવાનો લાભ લીધેલ છે જે સાબિત કરે છે કે પ્રજાજનો દ્વારા સીટી બસ સેવાને ખુબ જ સારો પ્રતિસાદ મળી રહેલ છે. આમ, શહેરીજનો દ્વારા સુરત સીટી બસ સેવાને ઉત્તરો-ઉત્તર સારો પ્રતિસાદ સાંપડ્યો છે.

તા. ૧૮/૧૨/૨૦૧૬ થી સુરત સીટી બસની સેવામાં ટિકિટના દર લાગુ પાડવામાં આવનાર હોય હાલમાં જે પ્રમાણે શહેરીજનોનો સીટી બસ સેવાને પ્રતિસાદ મળી રહેલ છે તેવા જ પ્રતિસાદની અપેક્ષા ભવિષ્યમાં પણ મળી રહે તેવી અપેક્ષા શહેરીજનો પાસેથી રાખવામાં આવે છે.

આમ, જાહેર પરિવહનના ભાગરૂપે સુરત સીટી બસની સેવા તેમજ BRTS બસની સેવાનો લાભ લેવાથી શહેરના ટ્રાફિકની સમસ્યામાં ઘટાડો થશે, શહેરીજનો રિક્ષા ને બદલે બસનો ઉપયોગ કરે તો ટ્રાફિકમાં પણ ઉત્તરો-ઉત્તર ઘટાડો થશે તેમજ પ્રદૂષણમાં પણ નોંધપાત્ર ઘટાડો થશે જે પર્યાવરણ માટે પણ એક આશિર્વાદ સમાન બની રહેશે. આમ, શહેરના દરેક નાગરિકને સુરત સીટી બસની સેવાનો મહત્તમ લાભ લેવા વિનંતિ કરવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં 1535
તા.૧૭-૧૨-૨૦૧૬

૧૫૩૬

# ડ્રાય ડે

## સુરત મહાનગરપાલિકા દ્વારા ડેન્ગ્યુ રોગ અંતર્ગત આજરોજ કરવામાં આવેલ "ડ્રાય ડે" ઝુંબેશ ની પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી રહી છે જેના અનુસંધાને તમામ ઝોનમાં આજે **તા.૧૭/૧૨/૧૬** ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે "ડ્રાય ડે" ની ઉજવણી કરવામાં આવેલ હતી. જેની માહિતી નીચે મુજબ છે.

–સેન્ટ્રલ ઝોનમાં સ્વામીનારાયણ મંદિર,લીમડાશેરી,મોમનાવાડ,અશરફી ગલી,ટંડેલ મસ્જીદ,દક્ષિણી મહોલ્લો,સાંઈબાબા મંદિર જેવા વિસ્તારોમાં, રાંદેર ઝોનમાં સંગના સોસા.,સંતતુકારામ સોસા.,હેતલનગર,મહાવીર રેસીડે.,ગણેશ પાર્ક,પ્રેમજીનગર, ભગવાન પાર્ક,લાલજીનગર,દિનદયાળ સોસા.,પાલનપોર ગામ,હળપતિવાસ,મહાદેવ મહોલ્લો,નીચલી વસાહત જેવા વિસ્તારોમાં, ઉધના ઝોનમાં મફતનગર, સનાતનનગર,સિધ્ધાર્થનગર,ચામુંડાનગર, ભવાનીનગર, સત્યનારાયણનગર, અમનનગર,આશિયાનગર,ઘનશ્યામનગર,હળપતિવાસ,શિવનગરજેવા વિસ્તારોમાં, લિંબાયત ઝોનમાં શ્રીનાથ સોસાયટી,મયુર સોસાયટી,રંગીલાનગર વિભાગ–૧,૨,સિધ્ધિ વિનાયક મંદિર–ભાઠ,બિલીયાનગર–૧,બાલાજીનગર,લક્ષ્મણનગર,પટેલ ફળિયુ, સાંઈનગર સોસાયટી,કોળી ફળિયુ, શકિતનગર જેવા વિસ્તારોમાં,અઠવા ઝોનમાં આદર્શ પછાતવર્ગ હળપતિવાસ,કિંષ્નાનગર, ખોડીયારનગર,વેસુગામ,હળપતિવાસ,પટેલ ફળીય ુજેવા વિસ્તારોમાં,કતારગામ ઝોનમાં રિવરવ્યુ સો.,શીવનગર,પ્રભુનગર–૨, ગૌતમનગર,મધુવન સો.,એચ–૧ આવાસજેવા વિસ્તારોમાં, વરાછા ઝોનમાં ખારવાચાલ,દલિત વસાહત,નરસિંહ મંદિર,મીરાનગર,કોહીનૂર,મંદીર,ફળિયું,બાંગ્લાદેશ ઝું.,રઘુવીર,કિષ્નાએવન્યુ,શાંતિવન–૧,ઈશ્વરનગર સોસા.,બજરંગનગર, જેવા વિસ્તારો માં કામગીરી કરવામાં આવી.

સમગ્ર શહેરમાં......

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઈસમ ની સંખ્યા | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ વિતરણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **34645** | **80801** | **282** | **14040** | **809** | **1854** | **126** | **27100** | **44** | **32101** | **13589** |

૧૫૩૭

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૧૭.૧૨.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : **૧** ફાઈલના **રૂા.૦.૦૯ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., **કુલ–૦૪** લોકેશન (ખાડા)**૧૯૦.૦૦ ચો.મી.**મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૦૮** લોકેશન, **૨૮૦૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે**,** તથા સાઉથ ઝોન (ઉધના) માં પીળી માટી રોડ, પત્રકાર સર્કલ ૧૫૦ ફુટ બમરોલી રોડ પાસેથી **૧૨** લારીઓનું દબાણ દુર કરવામાં આવેલ., તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલઃ **૦૩,** પાણીના નવા કનેકશન કુલ : **૦૪** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૦**/– વસુલ લેવામાં આવેલ, તથા **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૨૬** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ **૯૫** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૭૬.૦૦** લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૩.૬૮** લાખ થયેલ છે., **૧૮** EC તથા **૧૪** RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી, ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૬,૦૦૦**/– વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૨,૩૦૦**/– વસુલ લેવામાં આવેલ છે**.,** **૧૮૦** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૨૨** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે., તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૭** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટઃ **૨૩૪.૧૬૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૫૦** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૧૦,૭૦૦**/– છે., તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૨૩૬૭** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૮૫૮૯** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૧૦૫** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૬૬૭** કરવામાં આવેલ છે. જયારે **૩૬** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૦**/– વસુલ લેવામાં આવેલ છે.

૧૫૩૮

# પ્રેસનોટ – સેવાસેતુ

રાજય સરકારશ્રી દ્વારા અમલીકૃત અનેકવિધ લોકઉપયોગી યોજનાઓ પ્રવૃતિઓ તથા વહિવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયીક ચોકકસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજયના વહિવટમાં પારદર્શીતા વધે તે હેતુથી નાગરીકોની વ્યકિતલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો દ્વારા સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે હેતુસર તા. ૧૭/૧૨/૨૦૧૬, શનિવારના રોજ સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન (૧) વોર્ડ નં. ૧૭ – ડુંભાલ પરવટ માટે લીંબાયત ઝોન ઓફિસ, મોડેલ ટાઉન રોડ, વાટીકા ટાઉનશીપ પાછળ, ડુંભાલ, સુરત ખાતે તેમજ (૨) વોર્ડ નં.૨૨ અલથાણ–ભટાર માટે અઠવા ઝોન ઓફિસ, મ્યુનિસીપલ શોપીંગ સેન્ટર, આદર્શ નગર સોસાયટી પાસે, અઠવા લાઈન્સ, સુરત ખાતે સુરત મહાનગર પાલીકા દ્વારા 'સેવાસેતુ કાર્યક્રમ'નુ આયોજન કરવામાં આવેલ હતુ.

ઉપરોકત બંને કાર્યક્રમ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ખુલ્લા મુકવામાં આવેલ હતા. કાર્યક્રમ સંદર્ભે માનનીય મેયરશ્રી અસ્મિતાબેન શીરોયાએ જણાવ્યુ હતુ કે સેવાસેતુ કાર્યક્રમએ લોકોના વિવિધ સરકારી કામો એકજ સ્થળેથી અને ઝડપથી વિના મૂશ્કેલીએ પૂર્ણ થાય તે ઉદેશ્યથી સરકારશ્રી દ્વારા વિવિધ વોર્ડ વિસ્તારોમાં આયોજન કરવામાં આવે છે. જેથી લોકોના નજીકના વિસ્તારમાં સરળતાથી તેઓના પ્રશ્નોનુ નિરાકરણ કરી શકાય છે. કાર્યક્રમમાં ઉપસ્થિત માનનીય ધારાસભ્યશ્રી હર્ષભાઈ સંઘવી (મજુરા વિધાનસભા, સુરત) પ્રાસંગીક ઉદબોધનમાં જણાવેલ કે સરકારશ્રીની લોકલક્ષી આ નવી પહેલથી લોકોને નજીકમાં અને એકજ સ્થળેથી વિવિધ સરકારી સેવાઓનો લાભ મળી શકશે જેથી લોકોનો સમય, શકિત અને નાણાનો બચાવ થશે. તેમજ પ્રાસંગોચિત ઉદબોધનમાં માનનીય ધારાસભ્ય શ્રીમતિ સંગીતાબેન પાટીલ (લીંબાયત વિધાનસભા, સુરત)એ જણાવેલ કે સેવાસેતુ જેવા કાર્યક્રમથી ખાસ કરીને સમાજના આર્થિક, સામાજિક રીતે નીમ્ન સ્તરના લોક કે જેઓમાં જાણકારીનો અભાવ છે તેઓમાં સરકારી સેવાઓ અંગે જાગૃતતા આવવા સાથે તેઓને સરળતાથી તેઓના પ્રશ્નોના ઉકેલમાં સરકારી તંત્રની સામેથી મદદ મળી રહેશે. તેમજ વધુમાં વધુ લોકો સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી યોજનાઓના વ્યાપ હેઠળ આવરી લઈ શકાશે.

આ પ્રસંગે ડે. મેયરશ્રી શંકરભાઈ ચેવલી, સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેનશ્રી રાજેશભાઈ દેસાઈ, કમિશનરશ્રી સુરત મહાનગર પાલીકા, નેતાશ્રી શાશક પક્ષ શ્રી ગીરજાશંકર મીશ્રા તથા વિવિધ સમીતીના ચેરમેનશ્રીઓ તથા મ્યુ. સદસ્યશ્રીઓ ઉપસ્થિત રહેલ.

સેવા સેતુ કાર્યક્રમમાં વિવિધ વિભાગો જે કે મહેસુલ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટ, સમાજ સુરક્ષા વિભાગ, મહેસુલ વિભાગ પુરવઠા વિભાગ તથા સુરત મહાનગર પાલીકાના ગુમાસ્તા વિભાગ, વ્યવસાય વેરા વિભાગ, આકારણી/વસુલાત/પ્રોપર્ટી ટેક્ષ વિભાગ, આર.સી.એચ. વિભાગ વગેરે દ્વારા કુલ ૪૦ ટેબલ અને ૧૫ કાઉન્ટર ગોઠવી જેમાં દિવસ દરમ્યાન કુલ ૨૪૪૬ લાભાર્થીઓએ આવકનો દાખલો, ક્રિમીલેયર સર્ટી., પંચનામાં, વિધવા સહાય, વૃધ્ધ સહાય, જાતિના દાખલા, બાજપાઈ બેંકેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, દિવ્યાંગ સર્ટી., માં વાત્સલ્ય કાર્ડ, આધારકાર્ડ, પ્રાથમીક આરોગ્ય ચકાસણી જેવી વિવિધ રજુઆતોનો સ્થળ પર નિકાલનો લાભ મેળવેલ. તે સંદર્ભે લોકો પણ ઘણી પ્રસન્નતાની લાગણી વ્યકત કરતા જોવા મળ્યા તેમજ એકજ સ્થળ પરથી રજુઆતોના નિકાલ માટેના આ 'સેવાસેતુ' કાર્યક્રમના આયોજન, વિસ્તારના રહીશો દ્વારા ખુબ જ પ્રેરક પ્રતિસાદ મળેલ છે.